# કચ્છની રાજકીય વ્યવસ્થા તથા વહીવટી પલટા

મિતલબેન મનુભાઈ વાઘેલા
એમ.એ,બી,એડ,એમ,ફીલ,પીએચ.ડી(સ્કોલર)
નડિયાદ-૩૮૭૦૦૨

**Abstract :**ગુજરાતમાં ભોગોલીક વિવિધતા ધરાવતો એક માત્ર પ્રદેશ એટલે કચ્છ.કચ્છ નો રાજકીય ઇતિહાસ મધ્યમ છતા રસપ્રદ રહ્યો છે.રાજાશાહી શાસન, કમીશ્નર શાસન,અને રાજ્ય સરકારનું શાસન એમ ત્રણ તબક્કા માંથી પસાર થયેલું છે કચ્છ.અને આઝાદી બાદ કચ્છ નો રાજકીય વિકાસ સારો રહ્યો છે.

કચ્છની રાજકીયવ્યવસ્થાના મુખ્યત્વેચાર તબક્કા ગણાવી શકાય.(૧)દેશી રાજ્ય(૨)'ક' વર્ગ નુંરાજ્ય(૩)દ્વીભાસી મુંબઈરાજ્ય નોભાગઅને(૪)ગુજરાત રાજ્યમાં સમાવેશ.

## કચ્છદેશી રાજ્ય

કચ્છ વિધિવત રાજ્યની સ્થાપના સન ૧૫૪૮માંરાવ શ્રીખેંગારજીએ કરી હતી.તેમને માત્ર એક માસ રાજ કર્યું અને તા.૧/૬/૧૯૪૮ના કચ્છ રાજ્યનું ભારતસંઘ ને સુપરત કર્યું.દેશી રાજ્યનાસમયકાળ માં સમગ્ર ભારતમાં જે સ્વતંત્રતાની ચળવળ ચાલતી હતી.તેની અસર કચ્છમાં પણ થઈહતી, નહેરુ ની નેતાગીરી હેઠળ વચગાળાની સરકાર તા.૨/૯/૪૬ ના રચાઈ ત્યારેકચ્છમાંપણ જવાબદાર રાજતંત્રને

મેળવવાની ચળવળે જોર પકડ્યુ.તા.૧૫/૮/૪૭ ના શ્રી ગુલાબશંકર ધોળકિયાની આગેવાની હેઠળ જવાબદાર રાજતંત્રની ચળવળે વેગ પકડ્યો અને રાજ્ય ને અલ્ટીમેટમ અપાયું.મદનસિંહજી ગાદીએ આવ્યા બાદતા.૯/૩/૪૮ માં તેમણે જવાબદારરાજતંત્રઆપવાનીજાહેરાત કરી અનેસરદાર સાથે ચર્ચાવિચારણા બાદતા.૧/૬/૪૮ થી કચ્છે ભારત સંઘના ભાગ તરીકે 'ક' વર્ગનો દરજ્જો પ્રાપ્ત કર્યો.

### કચ્છ નું 'ક' નું રાજ્ય

કચ્છનું ભારત સંઘ સાથે ૧ જુન ૧૯૪૮થી થયેલું જોડાણ ધારાસભાવિનાના 'ક' વર્ગના રાજ્ય તરીકે થયું,રાજ્ય નો તમામ વહીવટ કેન્દ્ર ના નીમાયેલા ચીફ કમીશનર શ્રીસી.કે.દેસાઈએ ઉમેદભુવન માં તિરંગો લહેરાવ્યો.તા.૨૬/૧/૫૦ થી ભારતના બંધારણ નો અમલ શરૂ થતાંસન ૧૯૫૨માં પ્રથમ ચુંટણી થઈ.આ સમયે કચ્છમાં ધારાસભા ન હોવાથી કેન્દ્રમાં રાજ્યસભા માટે પ્રતિનિધિની ચુંટણી કરવાકચ્છને ૩૦ વિભાગો માં વહેંચી ૩૦સભ્યોની ઇલેક્ટ્રોરલ કોલેજ રચાઈ જેમાંર૮ બેઠકો કોંગ્રેસ પક્ષને મળી હતી.કચ્છ ના ચીફ કમીશનરને સલાહ આપવા ૧૯૫૨ માં ઇલેક્ટ્રોરલ કોલેજ ધ્વારા બે એડવાઈઝરો ચુંટવામાં આવ્યા હતા.દેશી રાજ્યનો સમય સમગ્ર જનજીવન માટે સ્થગિતતા અને સુષુપ્તાનો હતો તેથી વિરૂદ્ધ 'ક' વર્ગના રાજ્યનો સમયકાળ જાગૃતિ ,ચેતના,વિકાસ અને ઉત્સાહનો રહ્યો.રાજ્યસત્તાનું મુખ્યમથક ભૂજ જ હોવાથી કોઇપણ પ્રશ્નનો તાત્કાલિક ઉકેલ લાવી શકાતો હતોઅને રાજ્ય ધુરામાં બેઠેલા સ્થાનિક

એડવાઈઝરો નીજાણકારી, પ્રજાનીનાડ પારખવાની શક્તિ અને અનુભવઆ ઉકેલોને લોકભાગ્ય બનાવીશકતા હતા. વિકાસ કામો ની જરૂરિયાત,તેનો અગ્રતાક્રમ અને તેની સુચારુ અમલવારી પર દેખરેખ અને નિયત્રણ સુરેખ હતું. પ્રથમ પંચવર્ષિય યોજનાનો અમલ થયો.સમૂહ વિકાસ યોજનાના સફળ અમલ ધ્વારા લોકભાગીદારીનો વ્યાપ વધ્યો અને ગામેગામ સાર્વજનિક જરૂરીયાતોના માધ્યમો અને વિકાસકામો માં લોકો નોસહયોગ નોંધપાત્ર રહ્યો.ખેતીનો વિકાસ કરવા પ્રથમ પગલા લેવામાં આવ્યા. બીજા તબક્કે ભાગબટાઈ પ્રથા બંધ કરીરોકડ વિઘોટી દાખલ થઈ અને વિવિધ પ્રકાર ના લાગા-લગામ નાબૂદ કરાયા.

સન૧૯૫૨ માંજીલ્લાલોકલ બોર્ડની રચના થઈ અને તેના પ્રથમ પ્રમુખ તરીકેકલ્પનાશીલ અને કાર્યદક્ષ વહીવટકાર શ્રી હીરજીભાઈકોટક વરાયા.જીલ્લા લોકલ બોર્ડની૩૦ બેઠકોની પ્રથમ ચુંટણી માં૨૯ બેઠકો કોંગ્રેસ જીતી હોવાથી આ સમય દરમિયાન સ્થાનિક ગ્રામ્ય જરૂરિયાતો સંતોષાય તેવી વિવિધ યોજનાઓ સુચારુ અમલ થયો અને બોર્ડ પોતાનું પ્રેસ વસાવી ‘ગ્રામ વિકાસ’ નામનું માસિક શરૂ કરી વહીવટ ને છેક ગામડાઓ સુધી પહોચાડવાનો પ્રયાસ કર્યો. ત્યારે કચ્છ ના વહીવટ ના મોટાભાગ ના ખાતાઓ કલેકટર હસ્તે હતા. આ સમય માં કચ્છ માં ૧૯૫૬ નો ભૂકંપ થયો જેમાં અંજાર વિસ્તાર માં ભારે નુકસાન થયું.આ સમયે રાજ્યે અને પ્રજાકીય આગેવાનીએસ્થળ પર બેસી આવું સરસ પુનઃવસન ગોઠવીયું કે જે આજે પણ લોકો યાદ કરે છે.

દ્વીભાસી મુંબઈમાં સમાવેશ

૧ નવે.૧૯૫૬થી બૃહદ મુંબઈ રાજ્યની રચના થઈ જેમાં કચ્છ નો સમાવેશ થયો. વચગાળાના સમય માટે મુંબઈ વિધાનસભા માટે કચ્છને ૮ બેઠકો મળી અને વિધાન પરિષદ માટે૧ બેઠક મળી.આ બેઠકોની ચુંટણી ઇલેક્ટ્રોરલકોલેજધ્વારાકરાવવામાં આવી જેમાં બધા સભ્યો કોંગ્રેસના ચુંટાયા.સન ૧૯૫૭મ સામાન્ય ચુંટણી આવીત્યારે ૧૯૫૨ થી લોકસભા માટે કચ્છ ની બે બેઠકો હતી તે ૧ થઈ અને વિધાન સભાની ૮ બેઠકોમાંથી ઘટીને ૫ થઈ.આમ કચ્છના દસ પ્રજાકીય પ્રતિનિધિઓ માંથી ઘટીને ૬ થયા .આ બધા સભ્યો કોંગ્રેસમાંથી ચુંટાયા.મુંબઈ જેવા મોટા રાજ્યનો વહીવટ ચલાવવા ભોગોલીકરીતે જુદા જુદા ડીવીઝનની રચના થઈ અને દરેક ડીવીઝન માટે ડીવીઝનલ કાઉન્સિલનીરચના કરવામાં આવી. કાનૂની રીતે ભાર પડાયેલ જાહેરનામાં અનુસાર કચ્છ ને અલગ કચ્છ ડીવીઝન તરીકે નામ આપી રાજકોટ ડીવીઝનના કમીશ્નરને કચ્છ ડીવીઝનના ડે.કમી. તરીકે નિયુક્ત કરાયા પણ વ્યવહાર માં કચ્છ નો વહીવટ રાજકોટ ડીવી. ના એક જીલ્લા તરીકે જ ચાલ્યો તેના પરિણામે કચ્છ ને નુકસાનજથયું.

૧૯૪૭ માં વિકેન્દ્રીકરણ ના સિદ્ધાંત વિરુદ્ધ સ્થાનિક સંસ્થાઓના કાર્ય ને મર્યાદિત કરવાનું પ્રથમ પગલું જીલ્લા વિકાસ બોર્ડની ક્લેકટરના ચેરમેન પદેરચના કરી લેવાયું.બૃહદ મુંબઈ રાજ્ય ના સમય માં બે મહત્વ ના ફેરફાર થયા.કચ્છ ૨/૩ ગામો ગરાસદારી ના ગામો હતા અને ખાલસા ગામોમાં પણગરાસિયા જમીનો હતી.આથી ખેતી અને ખેત

ઉત્પાદન ની પરિસ્થિતિ સારી ના હતી.ખેડે તેની જમીન ના સિદ્દ્ધાત ને અનુસરી સન ૧૯૫૮ માં ઇનામ નાબુદી કાયદાનો અમલ કરવામાં અવ્યોઅને તેની સાથે જ કચ્છ અને વિદર્ભ માટે બનાવાયેલો ગણોતધારો પણ અમલ માં લાવવામાં આવ્યો.રાજ્યનું મુખ્ય મથક મુંબઈ હોવાથી અને કચ્છ ભોગોલીક રીતે એકલું હોવાથી તેના પ્રશ્નો ઉકેલવામાં ખુબ મુશ્કેલીઓ અનુભવતી.કાછ ની પરિસ્થિતિ તદ્દન અપરિચિત એવા સૌરાષ્ટ્ર અને ગુજરાતમાંથી આવેલા અમલદારો સફળતાથી કામગીરી કરી શક્યા નહી.મુંબઈ જ્યાંનો કાર્યકાળ કચ્છ ની પ્રજા માં ઉસ્મા અને આનંદ લાવી શક્યો નહી. સમગ્ર ગુજરાત માં મહા ગુજરાત ચળવળ ચાલતી હતી.તે સમયે મુંબઈ ના મુખ્ય પ્રધાન યશવંતરાવ ચૌહાણે મુંબઈ  રાજ્ય ના વિભાજન નીજાહેરાત કરી ત્યારબાદ ૧ મે ૧૯૬૦ થી મુંબઈ રાજ્ય માંથી ગુજરાત અલગ રાજ્ય નું સર્જન થયું અને કચ્છ ગુજરાત રાજ્ય નો એક જીલ્લો બન્યો.

## ગુજરાત રાજ્ય માં કચ્છ

તા ૧ મે૧૯૬૦ થી હાલ સુધી કચ્છ ગુજરાત રાજ્યનો એક જીલ્લો બની રહેલ છે.ભૌગોલિક ફેરફારોની દ્રષ્ટીએ ૧૯૯૭ માં એક મહત્વ નો ફેરફાર થયો ક ગુજરાત રાજ્ય ના ૧૯ જીલ્લા માંથી ૨૫ જીલ્લા થતા તાલુકાઓની ફેરરચના પણ થઈ તેમાં કચ્છ ૯ તાલુકા ના બદલે ૧૦ થયા અને ૧મેં  ૧૯૬૦ થી કચ્છના પાંચ ધારાસભ્યો ગુજરાત વિ.સભા ના સભ્ય બન્યા.૧૯૬૧ માં ગુજરાત માં નવો પંચાયત ધારો પસાર થયો તે મુજબ સમગ્ર રાજ્ય માં ૧/૪/૬૩ થી અને કચ્છ  ૧૫/૪/૬૩ થી

ત્રિસ્તરીય પંચાયત રાજ નો અમલ શરૂ થયો.જીલ્લા લોકલ બોર્ડ નું વિસર્જન થયું અને તેના ૩૦ સભ્યો આપોઆપ પ્રથમ જીલ્લા પંચાયત ના સભ્યો બન્યા. ૧૯૬૪ માં રાજકોટ ની ડીવીઝનલ કમીશ્નર કચેરી બંધ થઈ અને પંચાયતોની તમામ કામગીરી અને વહીવટ નું નિયત્રણ રાજયકક્ષાના વિકાસ કમીશ્નર ને સોંપાયું,જયારે રાજ્ય ના અન્ય ખાતાઓના વહીવટ નું નિયત્રણ સીધું રાજ્ય ના સચિવાલય ના ખાતાઓ પાસે ગયું.

૧૯૬૫ માં ભારત પાકિસ્તાન નું યુદ્ધ થાઉં,તેના પરિણામે છાડબેટ સહિત લગભગ ૩૫૦ ચો. માઈલ જમીન પાકિસ્તાન ને મળી.૧૯/૨/૬૮ ના આ અવોર્ડ ના દેશ માં ભયંકર પ્રત્યાઘાતો પડ્યા તેના પરિણામે ૧૯૬૮ માં કચ્છ સત્યાગ્રહ થયો.સમય જતા ૨૦૦૧ માં કચ્છ માં આવેલા ભયાનક ભૂકંપ બાદ આજે કચ્છ ની ડીસા અને સૂરત બદલે હે છે. સરકાર તરફથી મળેલ વિવિધ શાયો,સ્થાનિક પ્રજાનું સાહસ અને ખુમારી થી આજે કચ્છ ની સ્થિતિ બદલે ચુકી છે. કચ્છ માં ઉધ્યોગીકરણનો મોટો પાયો નંખાયો છે. લોકો ને રોજગારી ની તકોની સવલતો મળે રહી છે .કચ્છ માં છેલ્લા૧૭ વર્સ થી વિકાસનો દોર ચાલી રહ્યો છે. આજ ની કચ્છની પરિસ્થિતિ બદલઈ ચુકી છે.સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે .કેન્દ્રશાસિત પ્રદેશથી માંડી ને ગુજરાત સાથેના જોડાણ સુધીનો કચ્છ ની બદલાયેલી રાજ વહીવટ વ્યવસ્થા ,કરાચીના વિકલ્પે મહા બંદર તરીકે કંડલા ને વિકસાવવાનો નિર્ણય, અવારનવાર પડતા દુકાળ ,બે વાવાઝોડા અને ૨૦૦૧ ના મહા વિનાશક

ભૂકંપ જેવી કુદરતી આપત્તિઓ ઉપરાંત ૧૯૬૫ ના છાડબેત પરના નાપાક આક્રમણ જેવી ઘટનાઓ એ કચ્છ ના રાજકીય, ભૌગોલિક, સામાજીક અને આર્થિક ભાવી નો ઘાટ ઘડવામાં ચાવીરૂપ ભાગ ભજવ્યો છે.

તો સાથે ગુજરાત રાજ્ય ના લાંબા સમયગાળા માં કચ્છ ના પ્રજાજીવન ઉપર અસર કરનારા મહ્ત્વના પ્રશ્નો જોઈએ તોકચ્છ વિકાસ બોર્ડ ,અલગકચ્છ,દુષ્કાળની આપત્તિજેવા અનેક પ્રશ્નો રહ્યા છે.ભા પ્રશ્નો ના મૂળ માં કચ્છને રાજકીય નેતા ઓ ની નબળાઈ ,પ્રજાને જાગૃત કરી ,નેતૃત્વ આપી,પ્રશ્નોના સાચા ઉકેલ ની દિશા માં દોરી જવાની અશક્તિ છે.ગુજરાત રાજ્ય ની  રચના પછી એક મહ્ત્વનો ફેરફાર રાજયકક્ષાની માનસિકતાનો છે. વિકેન્દ્રીકરણ ની ભાવના થી વિરુદ્ધ જઈને એક પછી એક  એવા પગલા લેવાતા રહ્યા છે ,જેમાં જીલ્લા કક્ષાનાં અધિકારો અને સત્તાઓ માં સતત કપ મુકાતો ગયો છે  અને વધુ  ને વધુ  કેન્દ્રીકરણ કરી નાના મોટા તમામ પ્રશ્નો ગાંધીનગર સુધી પહોચતા થયા છે.ગુજરાત ના અન્ય જીલ્લાઓ ની સરખમની માંપાટનગર સુધીનું લાંબુ અંતર,રાજયકક્ષાએ યોગ્ય પ્રમાણમાં પ્રતિનિધિત્વનો અભાવ અને સ્થાનિક નેતાગીરી નું રાજ્યકક્ષા એ ઘટતુંજતું વજન અને મહ્ત્વ એ બધા કારણો કચ્છ ના પ્રશ્નો ના ઉકેલનામાર્ગમાં અડચણો બન્યા છે. રાજકીય શિસ્ત ને એક બાજુ મૂકવામાં આવેતો કચ્છનો આમઆદમી ગુજરાત રાજ્યમાં સંતોષ નો ઓડકાર ખાઈશકે તેમ નથીજ.આનો અર્થ એ પણ નથી ક વિકાસ થયો નથી ખુબ મોટા પ્રમાણ માં વિકાસ ના

કામો થયા છે ,પરંતુ રાજ્યસત્તા સાથે જોઈએ તેવી લાગણી મેળવી શકાયું નથી તેનો રંજ છે.

સંદર્ભ


- શ્રુતિ અને સ્મૃતિ કચ્છ કુંદનલાલ ધોળકિયા જુલાઈ ૨૦૦૫
- કચ્છમિત્ર-૬૦ વર્ષ ના સંભારણા,હીરક જયંતિ વિશેષાંક, જુલાઈ ૨૦૦૮
- કચ્છ તારી અસ્મિતા – કચ્છમિત્ર વિશેષ પ્રકાશન ૧૯૯૭
- પથ દર્શક મહેશઠકકર, અક્ષર પબ્લિકેશનભૂજ
- કચ્છમિત્ર-દીપોત્સવી અંક-સં ૨૦૬૯ નવે.૨૦૧૩